**અમદાવાદ (ગ્રામ્ય ), નવમાં જયુડીશીયલ મેજી. ફસ્ટ કલાસની કોર્ટમાં, મિરઝાપુર, અમદાવાદ.**

ફોજદારી કેસ નં. ૯૫૦૬/૨૦૨૨

આંક–

ફરિયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– અક્ષયભાઈ ઈશ્વરભાઈ દેસાઈ

ગુનો:– પ્રોહિ એકટ કલમ ૬૬(૧)(બી), ૮૫(૧).

ચુકાદો

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે. નવા સુધારેલા કાયદા મુજબ પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)(બી) માં પ્રથમ ગુના માટે કોઈ મીનીમમ કેદની સજાની જોગવાઈ નથી. બીજા ગુના માટે ઓછામાં ઓછી છ માસની કેદની સજા છે. જેથી આ કામે આરોપી સામે ૬૬(૧)(બી)નો આક્ષેપ હોય અને આરોપીનો પ્રથમ ગુન્હો છે અને તે ગુનો કબુલતો હોય જેથી હાલ આરોપીને સુધરવાની તક મળી રહે તથા નામદાર ગુજરાત વડી અદાલતે **ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદધાંત દયાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે.

આરોપી સામે પ્રોહીબીશનની કલમ ૮૫(૧) ના ભંગનો પણ આક્ષેપ છે. જેમાં ઓછામાં ઓછી એક વર્ષની સજાની જોગવાઈ છે પરંતુ એફઆઈઆર દયાને લેવામાં આવે તો આરોપી દારૂ પીધેલી સ્થીતીમાં જાહેર રોડ ઉપરથી મળી આવેલ છે પરંતુ, કોઈ ન્યુસન્સ કરેલ હોય તેવુ એફઆઈઆર ઉપરથી જણાઈ આવતુ નથી કલમ ૮૫(૧) ની જોગવાઈ ત્યારે જ લાગુ પડે જયારે આરોપી જાહેરમાં દારૂ પીને બખેડો કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરે કે અપશબ્દો બોલે અથવા કોઈ મહિલા સાથે અભદ્ર વર્તન કરે તો જ પ્રોહીબીશનની કલમ ૮૫(૧) મુજબનો ગુનો બને છે તેમ કહેવાય. આ કામે એફઆઈઆરની વિગતે જોતાં આરોપી માત્ર દારૂ પીધેલી હાલતમાં જ મળી આવેલ છે પરંતુ, તેણે કોઈ જાહેરમાં ઉપદ્રવ કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી આરોપી સામે પ્રોહીબીશનની કલમ ૮૫(૧) નો ગુનો બનતો હોય તેવુ જણાતુ

નથી. જેથી આરોપીની કબુલાત પુરસીસ અને કેસના સંજોગોને દયાને રાખતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૩૯ મુજબ આરોપીને પ્રોહીબીશનની કલમ ૮૫(૧) ના ગુન્હામાંથી બિન તહોમત છોડી મુકવામાં આવે છે.

જયારે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને પ્રોહીબીશનની કલમ ૬૬(૧)(બી) માં કસુરવાન ઠરાવી આરોપીને **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન ૩(ત્રણ)** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૬મી, માહે જુન, સને ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તા.૨૬/૦૬/૨૦૨૨
મિરઝાપુર, અમદાવાદ.

**(કુ.કાજલ એસ.રાણા)**
નવમાં એડીશનલ સિવિલ
જજ અને જયુડી. મેજી.ફ.ક.
(કોડ નં. જી.જે.૦૧૬૪૨)
અમદાવાદ (ગ્રામ્ય).